# લોકમત અને લોકમદદથી ચૂંટાવું એ જ લોકશાહીનું હાર્દ

એક વિસારે પડી ગયેલો જાજરમાન ચહેરો રહી રહીને મારી સ્મૃતિમંજૂષામાં ઝબૂકી રહ્યો છે. વડનગરના નાગરિક મંડળ સંચાલિત દવાખાનામાં એ દેવદૂત જેવા દાક્તર આંધળી આંખોના મોતિયા ઉતારી ગરીબગુરબાંને ફરીથી દેખતાં કરતા હતા. આખા ઉત્તર ગુજરાતમાં એમની ભારે બોલબાલા હતી. એમની સ્ફટિક જેવી પારદર્શક આંખોમાં નરી કરુણા છલકાતી રહેતી. પરણ્યા હતા પણ આજીવન બ્રહ્મચર્યની શરતે. એમની તેજસ્વી પ્રતિભા અને ધારદાર કરુણામય વાણીમાં લોકોને સાક્ષાત્ દિવ્ય પુરુષ દષ્ટિગોચર થતો હતો.

લોકોએ એમને ચૂંટણી લડવાનો આગ્રહ કર્યો ત્યારે પણ એ જયપ્રકાશ નારાયણની પક્ષવિહીન લોકશાહીની વિચારધારાના સમર્થક તરીકે -અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવીને- વિધાનસભાની ચૂંટણીમાં ઊભા રહ્યા હતા અને ત્રાજવાના પ્રતીક પર અમારા ખેરાલુ મતવિસ્તારમાંથી જીત્યા પણ હતા. મને યાદ છે કે એ વખતે એમની સામે બે બળદની જોડી વાળા કોંગ્રેસી ઉમેદવાર ઉપરાંત તારાના ચૂંટણીનિશાન પર સ્વતંત્ર પક્ષના ખમતીધર અને બહુસંખ્ય જાતિના ઉમેદવારો મેદાનમાં હતા. પ્રજાએ ભારે કોઠાસૂઝ દાખવીને અપક્ષ ઉમેદવાર ડૉ.વસંત પરીખને ઉમળકાભેર વોટ સાથે નોટ આપી વિધાનસભામાં મોકલી આપ્યા હતા. સામે એમણે લોકપ્રતિનિધિ તરીકે જે ઈમેજ ઊભી કરી હતી એ ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં આજ પર્યંત ન ભૂતો ન ભવિષ્યતિ જેવી રહી છે. વિધાનસભાની બેઠક મળે ત્યારે સોએ સો ટકા હાજરી, પોતાના વિસ્તારના પ્રશ્નો પૂરતા મર્યાદિત ન રહેતાં સમસ્ત ગુજરાતની ખેવના, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક ઉભય પક્ષે જાગૃતિ દાખવતાં પ્રવચનો, વળી રાષ્ટ્રભાષામાં જ અસરકારક રજૂઆત. ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં ડો.વસંત પરીખ એક એવો આદર્શ સ્થાપીને નિવૃત્ત થયા હતા જે આજે પણ એવરેસ્ટ કરતાં ઊંચો રહેવા પામ્યો છે. એ જુદી વાત છે કે વહેવારમાં એ ઊંચાં મૂલ્યોને અનુસરવાનું અને આચરવાનું ધારીએ છીએ એટલું સહેલું નથી બલકે વર્તમાન રાજકીય પરિપ્રેક્ષ્યમાં તો અશક્યવત જ છે. પરંતુ એ આદર્શ તરફ આપણું લક્ષ જરૂર રહેવું જોઈએ. એ આપણી ધરોહર છે.

હમણાં ચાલી રહેલા લોકપર્વમાં કેટલાક પક્ષીય ઉમેદવારો અજાણતાં જ, કદાચ મજબૂરીથી લોકોના ખર્ચે ચૂંટણી લડવાનો એમનો વિચાર અમલમાં મૂકી રહ્યા છે અને એનો એમને ધાર્યા કરતાં સારો પ્રતિસાદ પણ સાંપડી રહ્યો છે. એમની પાસે સામેના ઉમેદવાર જેવી બેફામ ખર્ચ કરવાની સગવડ નથી. સંજોગો જ એવા સરજાયા છે કે એમને પાર્ટી ઝાઝી મદદ કરી શકે એમ નથી. ચૂંટણી લડવાની બલકે ટિકિટ મેળવવાની પહેલી શરત હવે તો ઉમેદવારની ખર્ચ કરવાની ક્ષમતા બની ગયેલ છે એ કોણ નથી જાણતું? અત્યારે અત્ર તત્ર સર્વત્ર પૈસો બોલે છે. ચૂંટણી લડવા માટે પહેલાં તો માતબર રકમ ડિપોઝિટ તરીકે જમા કરાવવી પડે છે. જો અમુક ટકા મત ના મળે તો તે ડૂલ થઈ જાય છે. ચૂંટણીમાં પૂરી સમજણ અને ગંભીરતાથી ઉમેદવારી નોંધાવાય અને મત પત્ર -હવે મત મશીન-માં બિનજરૂરી ભરાવો ના થઈ જાય એટલા સારુ આ નિયમ બનાવાયો હશે.

અલબત્ત એ નિયમ આપોઆપ નાગરિકના મૂળભૂત અધિકારનો ઉપહાસ કરે છે. ડો.વસંત પરીખની સ્વતંત્ર વિચારસરણી પક્ષની શિસ્ત કે બંધન સ્વીકારી શકે તેમ નહોતી. એટલે એમણે એમની પોતીકી રીતે એક સત્યનો



પ્રયોગ કરી બતાવ્યો હતો. જોકે એમની પ્રબળ નિષ્ઠા, અપ્રતિમ કાર્યદક્ષતા અને નિરપેક્ષ લોકસેવા એમને પછીનાં પાંચ વર્ષે આવેલી ચૂંટણીમાં જિતાડી શકી નહોતી એ આપણી લોકશાહીની વિડંબના છે. એ જ પ્રજા જેણે પાંચ વર્ષ અગાઉ એમને નોટ અને વોટ

**પ્રજાએ ભારે કોઠાસૂઝ દાખવીને અપક્ષ ઉમેદવાર ડૉ.વસંત પરીખને ઉમળકાભેર વોટ સાથે નોટ આપી વિધાનસભામાં મોકલી આપ્યા હતા. સામે એમણે લોકપ્રતિનિધિ તરીકે જે ઇમેજ ઊભી કરી હતી એ ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં આજ પર્યંત ન ભૂતો ન ભવિષ્યતિ જેવી રહી છે**

આપી અપક્ષ ઉમેદવાર તરીકે વિધાનસભામાં પહોંચાડી દીધા હતા અને એ જ ઉમેદવાર જેમણે પોતાના કાર્યકાળ દરમિયાન નમૂનેદાર કામગીરી બજાવી હતી, સૂકી ભઠ્ઠ ધરતીની તરસ બુઝાવવા વિના ધરોઈ ધરતી રોઈ જેવું લોકહૃદયમાં ઝણઝણાટી ઉપજાવી દેતું સૂત્ર

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

આપી વડનગરથી ગાંધીનગર સુધી દાંડી કૂચ જેવી કૂચ કરી સરકારને સાબરમતીનાં વહી જતાં જળ નાથવા મજબૂર કરી હતી -એ જ વસંત પરીખની સામે મોટી જ્ઞાતિના અને શાસક પક્ષના ઉમેદવાર આસાનીથી જીતી ગયા હતા. લોકોને વસંત પરીખ તરફ જરા જુદી ભાતનો અણગમો ઊભો થયો હતો. એ કોઈ દારૂડિયાને કે મારામારી, ચોરી કે લૂંટફાટના ગુનાસર પકડાયેલા ગુનેગારને છોડાવવા પોલીસ સ્ટેશને નહોતા દોડી જતા કે નહોતા એ પોતાના મતદાતાઓના દીકરાઓને સરકારી નોકરી અપાવવાની ભલામણ કરતા. એ ફક્ત સાર્વજનિક કામો માટે જ સરકાર સમક્ષ રજૂઆત કરી એ માટે જરૂરી ફોલો અપ કરતા અને અધિકારીઓ પાસે એ મંજૂર કરાવીને જંપતા. પણ ખાટલે મોટી ખોડ છે કે આજે પ્રજાને સાર્વજનિક લોકકલ્યાણનાં કામો કરતાં અંગત લાભ થતો હોય એવાં કામ પાર પાડવાની આવડત ધરાવતો હોય અને જરૂર પડે ત્યારે પોતાના ગુનાખોરીના કામમાં પણ ઢાલ બનીને ઊભો રહે એવો નેતા ખપે છે! આપણી તકલીફ વખતે સિદ્ધાંતનું પૂંછડું પકડીને ઊભો રહે એના કરતાં પડતી બૂમે કશી પડપૂછ વગર આપણને મદદરૂપ થવા માટે ચંપલ પણ પહેર્યા વગર ઊંઘમાંથી ઊઠીને પોલીસ સ્ટેશને દોડી આવે એવા નેતાને ચૂંટી મોકલવો શું ખોટો?

આપણા જનમાનસમાં હવે આમૂલ પરિવર્તન આવી ગયું છે. મતદાતા તદ્દન વહેવારુ બની ગયો છે. એને રાજકારણની આંટીઘૂંટી પૂરેપૂરી સમજાવા લાગી છે. આઝાદી પછીના નેતાઓનું નૈતિક ધોરણ સતત કથળતું ગયું છે એ હકીકત એને સમજાવવી પડે એમ નથી. એ જાણે છે કે અડધી સદી પૂર્વે રાજકારણમાં નૈતિક મૂલ્યોની પળોજણ હતી એ હવે મહદંશે નાબૂદ થઈ ગઈ છે. બાહુબલી નેતાઓ અને મોટી જ્ઞાતિઓના સમર્થન વાળા નેતાઓને રાજકીય પક્ષો લાલ જાજમ પાથરીને પોતાની પાંખમાં સમાવવા આતુર રહે છે. એ ચૂંટણી જીતવા બેફામ ખર્ચ કરે છે અને પછી અનેકગણું કમાઈ લે છે. મતદાર એમની આ ગુનાઈત મોડસ ઓપરેન્ડી જાણે છે. એટલે એ પણ હવે કોઈ જાતની શેહશરમ રાખ્યા વગર મતનું મોં માગ્યું મૂલ્ય વસૂલી લેવાનું શીખી ગયો છે. આમ આદમી સમજી ગયો છે કે નેતાગીરી એ કોઈ સેવા બેવા છે જ નહીં, એ પ્યોર બિઝનેસ બની ગઈ છે. સત્તા માટે રૂપિયાની રેલમછેલ કરતા રાજકીય પક્ષોને પોતાના ધંધાકીય લાભો ખાતર ઉદ્યોગપતિઓ વગર માગ્યે કરોડોનાં ફંડ પધરાવી દે છે. ચૂંટણી પંચે નક્કી કરેલી મર્યાદા મુજબ કાગળ પર હિસાબ રજૂ કરી દેવામાં આવે છે પરંતુ વાસ્તવિક ખર્ચ તો બહુ જ વધારે કરાય છે. મૂલ્યો નેવે મૂકી યેનકેન પ્રકારેણ ચૂંટણી જીતવાની જ તજવીજ થતી હોય છે. હવે ચૂંટણી એ ચૂંટણી નહીં રહેતાં સત્તા નામની સુંદરીનો સ્વયંવર બની ગઈ છે.

લોકશાહીમાં ચૂંટણી એ ઉમેદવારની જેમ મતદાતાની પણ અગ્નિપરીક્ષા છે. પણ એમાંથી હેમખેમ પાર ઊતરવા આ ઘોર કળયુગમાં માત્ર સીતા જેવી પવિત્રતા કે મેરીટ કામ નથી લાગતી. કદાચ હોલિકાની પાસે હતું એવું રાક્ષસી સુરક્ષા કવચ અનિવાર્ય જરૂરિયાત બની ગયું છે! આવા કપરા સંજોગોમાં ગરીબ જ્ઞાતિ સમાજની કોઈ મહિલા ઉમેદવાર એના અંતરિયાળ ગ્રામીણ મતવિસ્તારમાં સત્તા સામે બાથ ભીડી પોતાના મતદાતાઓના આંતરમનને ઢંઢોળીને લોકફાળાથી ચૂંટણી લડવાની હિંમત કરે તો તે લોકશાહીના ઈતિહાસમાં વિરલ ઘટના જ ગણાય. સામા પૂરે તરવા માટે પણ છપ્પનની છાતી જોઈએ! ઇંદિરા ગાંધીએ લોકશાહીના ગળે ટૂંપો દેતી કટોકટી નાખીને મોરારજી દેસાઈ સહિત દેશના વરિષ્ઠ નેતાઓને મિસા હેઠળ જેલમાં ધકેલી દીધા હતા ત્યારે પ્રજામાં એ વિપક્ષી આગેવાનો માટે સહાનુભૂતિનું પૂર ઊમટ્યું હતું. જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં પરસ્પર વિરોધી વિચારસરણી ધરાવતાં રાજકીય પરિબળો એક મંચ પર આવીને ચૂંટણીજંગમાં ઊતર્યાં હતાં ત્યારે ખુદ ઇંદિરા ગાંધી રાયબરેલીમાં એમના વિદૂષકવેડા માટે જાણીતા પ્રતિસ્પર્ધી સામે હારી ગયાં હતાં. મને યાદ છે કે એ ચૂંટણીમાં લોકોએ ઉમળકાભેર વિપક્ષી ઉમેદવારોને વોટ આપતાં પૂર્વે કડકડતી નોટોના હાર પહેરાવીને પોતાનું પાણી બતાવી દીધું હતું. રાષ્ટ્રકવિ રામધારી સિંહ દિનકર ની જાણીતી પંક્તિને લોકનાયક જયપ્રકાશ નારાયણે હાકલમાં ફેરવી દીધી હતીઃ સિંહાસન ખાલી કરો કિ અબ જનતા આતી હૈ...

## કેન્સરને સાથે મળીને હરાવીએ...

# સારવારની આડઅસરનું સંચાલન કરવા માટે એક વ્યાપક માર્ગદર્શિકા



(ગતાંકથી ચાલુ)

આ કેન્સરની સારવારે ઘણા દર્દીઓ માટે નવી આશા અને ખૂબ સારાં પરિણામો આપેલ છે. જો કે, આ સારવારો જ્યારે જીવન બચાવે છે, કેટલીક આડઅસર થઈ શકે છે. ઓન્કોલોજીસ્ટો પણ સમજે છે કે કેન્સરના નિદાનથી કેટલા પડકારો આવે છે અને આડઅસરો ચિંતાનું બીજું સ્તર ઉમેરી શકે છે.

આ ઊંડાણપૂર્વકનો લેખ તમને આ સામાન્ય આડઅસરોથી આગળ ઉપલબ્ધ ઉકેલો વિશેની જાણકારી સાથે સશક્ત બનાવે છે. યાદ રાખો, જ્ઞાન એ શક્તિ છે. તૈયાર થવાથી તમારી પુનઃ પ્રાપ્તિની યાત્રા પર આ અસરોને અસરકારક રીતે મેનેજ કરી શકાય છે.

## સામાન્ય આડઅસરો અને ઊંડાણપૂર્વકના ઉકેલો

» **મોંમાં ચાંદાં...** કિમોથેરાપી અને રેડિયેશન મોંમાં ચાંદાં પેદા કરી શકે છે. સારી મૌખિક સ્વચ્છતા કેવી રીતે જાળવવી અને અગવડતા ઓછી કરવી તે જાણીએ :

» **સોફ્ટ ટૂથબ્રશ...** સોફ્ટ-બ્રિસ્ટલ ટૂથબ્રશ અને ખાસ કરીને સંવેદનશીલ મોં માટે તૈયાર કરવામાં આવેલી હળવી ટૂથપેસ્ટનો ઉપયોગ કરો. દરેક ભોજન પછી અને સૂવાના સમય પહેલાં તમારા દાંત અને જીભને હળવા હાથે બ્રશ કરો.

» **વારંવાર કોગળા...** ખારા સોલ્યુશન (મીઠું અને પાણીથી બનાવેલ) અથવા ખાવાનો સોડા સોલ્યુશન (બેકિંગ સોડા અને પાણીથી બનાવેલ) થી દિવસમાં ઘણી વખત કોગળા કરો. ખાસ કરીને ભોજન પછી અને સૂતા પહેલાં.

» **હાઈડ્રેટ રહો...** પુષ્કળ પ્રવાહી પીવાથી તમારા મોંમાં ભેજ રહે છે અને તેનાથી ચાંદાંને રોકવામાં મદદ મળે છે. આઠ ગ્લાસ પાણી પીવાનું લક્ષ્ય રાખો અને જો તમારું મોં શુષ્ક લાગતું હોય તો શુગર-ફ્રી લોઝેન્જ અથવા આઈસ ચિપ્સ દરરોજ ચૂસો.

» **પીડારાહત...** જો તમને મોંઢામાં ચાંદાં હોય તો તમારા ડૉક્ટર સાથે પીડામાં રાહત આપતી દવાઓ અને સ્થાનિક મલમ વિશે વાત કરો જે અસ્વસ્થતાને સુન્ન કરી શકે છે.

» **ભૂખ ન લાગવી...** સારવાર દરમિયાન સારી રીતે ખાવું મહત્ત્વપૂર્ણ છે. તમારી ભૂખને ઉત્તેજીત કરવા અને યોગ્ય પોષણની ખાતરી કરવા માટે અહીં કેટલીક ટીપ્સ આપી છે.

» **નાનું ભોજન...** પેટ ભરાઈ જવાની લાગણી ટાળવા માટે દિવસભર (દર 2-3 કલાકે) નાનું, વધુ વારંવાર ભોજન લો.

» **આકર્ષક ખોરાક શોધો...** તમને જે ગમે છે તે શોધવા માટે વિવિધ સ્વાદો અને ટેક્સચર સાથે પ્રયોગ કરો. જો રાંધેલા ખોરાક અપ્રિય લાગે તો ઠંડા અથવા ઓરડાના તાપમાને ખોરાક અજમાવવાનો વિચાર કરો.

» **પોષક પૂરવણીઓ...** જો તમે પૂરતા પ્રમાણમાં ખાવા માટે સંઘર્ષ કરી રહ્યા હો તો તમારી પોષક જરૂરિયાતોને પહોંચી વળવા પૂરક વિશે તમારા ડૉક્ટર અથવા નોંધાયેલા આહાર નિષ્ણાત સાથે વાત કરો. તેઓ પ્રોટીન શેકની ભલામણ

કેન્સરથી મોટી જિંદગી
ડૉ. કૌશલ પટેલ

કરી શકે છે, ખાતરી કરી શકે છે કે તમને પૂરતા પ્રમાણમાં વિટામિન્સ અને ખનિજો મળી રહ્યાં છે અને તમારી ભૂખને અસર કરતી કોઈ પણ આડઅસરને નિયંત્રિત કરવા માટે વિકલ્પો સૂચવી શકે છે.

» **ભાવનાત્મક અસરો...** કેન્સરની સારવાર ભાવનાત્મક રીતે ખૂબ હતાશ કરી શકે છે. ભાવનાત્મક સુખાકારીને સંબોધવા માટે અહીં બહુપક્ષીય અભિગમ છે.

**કેન્સરની સારવાર એક પડકદારજનક પ્રવાસ હોઇ શકે છે પરંતુ તમારે એકલા ચાલવાની જરૂર નથી. સામાન્ય આડઅસરો અને તેમના ઉકેલોને સમજીને તમે તમારી સુખાકારીનો હવાલો લઇ શકો છો**

» **તમારા ડોક્ટર સાથે વાત કરો...** તેઓ તમારી ચિંતાઓને દૂર કરી શકે છે અને કેન્સરના દર્દીઓ સાથે કામ કરવામાં નિષ્ણાત સહાયક જૂથો, સલાહકારો અથવા ચિકિત્સકોની ભલામણ કરી શકે છે.

» **પ્રિયજનો સાથે જોડાઓ...** તમારી લાગણીઓ કુટુંબ અને મિત્રો સાથે શેર કરો કે



જેઓ ભાવનાત્મક ટેકો આપી શકે. આ પડકારજનક સમય દરમિયાન મજબૂત સપોર્ટ નેટવર્ક બનાવવાનું મહત્ત્વપૂર્ણ છે.

» **ઉપચારનો વિચાર કરો...** ચિકિત્સક સાથે વાત કરવાથી તમને તણાવ, ચિંતા અને ડિપ્રેશનનું સંચાલન કરવામાં મદદ મળી શકે છે. થેરાપી તમને કેન્સરની સારવારના ભાવનાત્મક પડકારોનો સામનો કરવા માટેની પધ્ધતિઓથી પણ સજ્જ કરી શકે છે.

» **માઈન્ડ ફુલનેસ પ્રેક્ટીસ વિશે જાણો...** ધ્યાન, યોગ અથવા ઊંડા શ્વાસ લેવાની કસરત જેવી તકનીકો આરામ અને ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપી શકે છે. આ તકનીકો શીખવા માટે માર્ગદર્શિત ધ્યાનવર્ગમાં જોડાવા અથવા ધ્યાન એપ્લિકેશનોનો ઉપયોગ કરવાનું વિચારો. Balance,Calm વગેરે જેવી મોબાઈલ એપ્લિકેશન મદદરૂપ બની શકે છે.

**યાદ રાખો...**

» દરેક વ્યકિત જુદી જુદી રીતે આડઅસરો અનુભવે છે. જે એક વ્યકિતને ગંભીર અસર કરે છે તે બીજા માટે હળવી હોઈ શકે છે.

» આડઅસરની તીવ્રતા ઘણી વખત તમને પ્રાપ્ત થતી સારવારના પ્રકાર અને માત્રા પર આધાર રાખે છે.

» તમને અનુભવાતી કોઈ પણ આડઅસર વિશે તમારા ડૉક્ટર સાથે ખુલ્લેઆમ વાતચીત કરવામાં અચકાશો નહીં. તેઓ આ અસરને અસરકારક રીતે સંચાલિત કરવા માટે તમારી સારવાર યોજનાને સમાયોજિત કરી શકે છે અથવા દવાઓ લખી શકે છે.

## વધારાનાં સંસાધનો...

» અમેરિકન કેન્સર સોસાયટી https://www.cancer.org/

» રાષ્ટ્રીય કેન્સર સંસ્થા : https://www.cancer.gov/

ઈલાઈટ ડે કેર સેન્ટરઃ https://www.elitehematoncocarecentre.com

## નિષ્કર્ષ...

કેન્સરની સારવાર એક પડકદારજનક પ્રવાસ હોઈ શકે છે પરંતુ તમારે એકલા ચાલવાની જરૂર નથી. સામાન્ય આડઅસરો અને તેમના ઉકેલોને સમજીને તમે તમારી સુખાકારીનો હવાલો લઈ શકો છો.

તમારા ડૉક્ટર અને પ્રિયજનો સાથે મળીને તમે આ અસરોને અસરકારક રીતે સંચાલિત કરી શકો છો અને રિકવરી માટેની તમારી લડત પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો. યાદ રાખો, જ્ઞાન એ શકિત છે. યોગ્ય માહિતી અને સમર્થન સાથે, તમે તાકાત અને સ્થિતિસ્થાપકતા સાથે આ પ્રવાસને સાચી દિશામાં દોરી શકો છો.

# બધાં રહસ્યોનું ગણિત છે ને ન સમજો તો નથી

ખૂબ ઝડપે આગળ વધતા આ વિશ્વમાં ટેકનોલોજીએ જે અકલ્પનીય, અદ્વિતીય વિકાસ સાધ્યો છે તે જોતાં કેટલાકના મનમાં પરમાત્માના અસ્તિત્વ વિશે શંકા-કુશંકા અને પ્રશ્નો થવા માંડયા છે! શું પરમાત્માના અસ્તિત્વની સાબિતી આપી શકાય? શું પરમાત્મા વ્યકિતની અનુભૂતિનો વિષય છે? અને જો તે વ્યકિતની અનુભૂતિનો વિષય હોય તો આ અનુભૂતિને સાબિતી દ્વારા સર્વમાન્ય, સર્વસ્વીકૃત બનાવી શકાય? કેટલા બધા પ્રશ્નો અને પેટા પ્રશ્નો છે. શું આ પ્રશ્નો માત્ર પ્રશ્નાર્થ રહેવા માટે જ સર્જાયા છે? ના... ના... પ્રશ્નો છે તો જવાબ પણ છે. સમસ્યા છે તો તેનો ઉકેલ પણ છે.

ભારતીય તત્ત્વજ્ઞાન પ્રશ્ન પૂછે છેઃ ‘આ સૃષ્ટિનો સર્જનહાર કોણ છે? તેને ઈશ્વરે બનાવી છે? પ્રકૃતિએ બનાવી છે કે પછી અકસ્માતથી ઉદ્ભવી છે?!’આગળ પૂછે છેઃ ‘સૃષ્ટિના સર્જનનો હેતુ શો છે? તે કયા લક્ષ તરફ ગતિ કરી રહી છે કે પછી તેને કોઇ લક્ષ્ય જ નથી?!’ ભારતીય તત્ત્વજ્ઞાન માત્ર પ્રશ્ન પૂછી અટકી નથી જતું પરંતુ તેની મર્યાદામાં રહી તેના ઉત્તરો પણ આપે છે.

સૃષ્ટિના સર્જન વિશે ચિંતકોમાં અને વૈજ્ઞાનિકોમાં આ બાબતે મતમતાંતરો પ્રવર્તે છે. કેટલાક માને છે કે સૃષ્ટિનું સર્જન ઈશ્વરે કર્યું છે અને ગણતરીપૂર્વક, હેતુપૂર્વક કર્યું છે! કેટલાક કહે છે... સૃષ્ટિનું સર્જન ઈશ્વરે નથી કર્યું પરંતુ તે આકસ્મિક રીતે અકસ્માતથી ઉત્પન્ન થઇ ગઇ છે!

ખેર! આપણે વાત તો પરમાત્માના અસ્તિત્વ વિશે કરવી છે. મોટા ભાગના વૈજ્ઞાનિકો પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે અને કોઇ દૈવી શકિત, ચૈતસિક ઊર્જા સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરી રહી છે એમ માને છે. ઘણા વૈજ્ઞાનિકોએ પરમાત્મા અંગેની સ્વાનુભૂતિ તેમના શબ્દોમાં વ્યકત કરી છે. કેટલાક વૈજ્ઞાનિકો એવા પણ છે જેઓ શરૂઆતમાં પરમાત્મામાં માનતા નહોતા, મતલબ કે નાસ્તિક હતા! પરંતુ પાછળથી સ્વાનુભવે, પ્રતીતિપૂર્વક આસ્તિક બન્યા હતા! આ યાદી ખાસી લાંબી થવા જાય છે. કેપ્લર, ડાર્વિન, કોપરનિકસ, આઇનસ્ટાઇન, થોમસ આલ્વા એડિસન, લૂઇપાશ્વર, સર આઇઝેક ન્યૂટન તેમાં જાણીતાં નામો છે.

અમેરિકાની એકેડેમી ઓફ સાયન્સીઝના પૂર્વ પ્રમુખ ‘ક્રેસી મોરિસી’નું એક પુસ્તક ‘મેન ડઝ નોટ સ્ટેન્ડ અલોન-’પ્રકાશિત થયું છે. તેમાં તેમણે તેઓ કયા કારણોસર પરમાત્માના અસ્તિત્વને સ્વીકારે છે તે ગાણિતિક રીતે સાબિત કરી આપ્યું છે. આ થિયરી થોડી અટપટી છે તેથી તેના ઊંડાણમાં ન જતાં માત્ર કેટલાંક ઉદાહરણો પર દૃષ્ટિપાત કરીએ.

આ સૃષ્ટિમાં બધું જ ગણતરીપૂર્વક, આયોજનબદ્ધ ઘટી રહ્યું છે. પૃથ્વી પરનું જીવન એ કોઇ ચાન્સ, અકસ્માત, ચમત્કાર કે શકયતાઓને કારણે ઉદ્ભવ્યું નથી! સર્જનહારની કોઇ અદ્ભુત, અદ્વિતીય, ગણતરીપૂર્વકની આ યોજના છે!! એમણે



**શું પરમાત્માના અસ્તિત્વની સાબિતી આપી શકાય? શું પરમાત્મા વ્યકિતની અનુભૂતિનો વિષય છે? અને જો તે વ્યકિતની અનુભૂતિનો વિષય હોય તો આ અનુભૂતિને સાબિતી દ્વારા સર્વમાન્ય, સર્વસ્વીકૃત બનાવી શકાય? કેટલા બધા પ્રશ્નો અને પેટા પ્રશ્નો છે. શું આ પ્રશ્નો માત્ર પ્રશ્નાર્થ રહેવા માટે જ સર્જાયા છે?**

કહ્યું છેઃ ‘પૃથ્વી પોતાની ધરી પર કલાકના 1000 માઈલની ઝડપે ફરે છે, જો એ કલાકના 100 માઈલની ઝડપે ઘૂમતી હોત તો રાત અને દિવસ (અત્યારે છે તેના કરતાં) 10 ગણા લાંબા થઇ ગયા હોત અને તો સૂર્યના પ્રખર તાપમાં બધી વનસ્પતિ બળીને ખાક થઇ જાત! અથવા રાતની ઠંડીમાં ઝડપથી થીજી જાત!

આપણા સૂર્યની ગરમી 12000 ડિગ્રી ફેરનહીટ છે. પૃથ્વી સૂર્યથી ચોક્કસ (ગણતરીપૂર્વકના) અંતરે જ રહે છે જેથી સૂર્યની ગરમી જીવસૃષ્ટિને જરૂરી હોય તેટલી માત્રામાં જ પ્રાપ્ત થતી રહે છે.

પૃથ્વી સાડા ત્રેવીસ અંશને ખૂણે નમેલી છે જેથી વિવિધ ઋતુઓ શકય બની છે. જો પૃથ્વી નમેલી ન હોત તો મહાસાગરોની વરાળ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ તરફ ધસી જાત અને પૃથ્વીના તમામ ખંડો બરફથી છવાઇ જાત!

આપણી પૃથ્વી અને ચંદ્રની વચ્ચે માત્ર 50 હજાર માઇલનો જ તફાવત હોત તો પૃથ્વી પર એવી મોટી ભરતી આવત કે દિવસમાં બે વાર પૃથ્વીના મોટા ભાગના ખંડો પાણીમાં ડૂબી જાત! પૃથ્વીનો પોપડો જો દસ જ ફૂટ વધારે જાડો હોત તો પૃથ્વી પર ઓક્સિજન વાયુ જ ના હોત! પરિણામે બધી જ જીવસૃષ્ટિ, વનસ્પતિસૃષ્ટિનો નાશ થઇ ગયો હોત!!

મહાસાગરોની ઊંડાઇ માત્ર થોડા મીટર વધારે હોત તો બધો જ ઓક્સિજન અને કાર્બન ડાયોકસાઇડ શોષાઇ ગયો હોત અને તે સ્થિતિમાં જીવન ખતમ થઇ ગયું હોત! આપણું વાતાવરણ અત્યારે ઘટ્ટ છે એ જો થોડું વધારે પાતળું હોત તો આકાશમાંથી ખરતી લાખો ઉલ્કાઓ વાતાવરણના ઘર્ષણને લીધે બળી જવાને બદલે સીધી પૃથ્વી પર આવી પડત અને તો પૃથ્વી પર છાશવારે ભયંકર જાનહાનિ થતી રહેતી હોત.

પૃથ્વીના વાતાવરણમાં જો ઓઝોન વાયુનું અસ્તિત્વ ન હોત તો સૂર્યમાંથી નીકળતા પારજાંબલી કિરણો (ઝેરી કિરણો) બંદૂકની ગોળીની જેમ પૃથ્વી પર આતંક ફેલાવી દેત! ઓઝોન વાયુના કણો, પારજાંબલી કિરણોનું શોષણ કરી તેની તીવ્રતા ઘટાડી દે છે!

વિનોદ પટેલ

આ બધું જોતાં અને અનુભવતાં એવું માનવાને ચોક્કસ કારણ મળે છે કે આ પૃથ્વી પરનું જીવન એ કેવળ અકસ્માત કે ચમત્કાર નથી પરંતુ સર્જનહારની અટપટી, ગાણિતિક નેટવર્કનું પરિણામ છે!

‘ક્રેસી મોરિસી’એ આવાં અટપટાં ગાણિતિક નેટવર્કને ઉકેલી પરમાત્માના અસ્તિત્વની અનુભૂતિ કરાવવાનો વૈજ્ઞાનિક અભિગમ રજૂ કર્યો છે. જેમાં જ્ઞાન, વિજ્ઞાન, તર્ક, દલીલનો સમન્વય કરી ઈશ્વરના અસ્તિત્વની સાબિતી આપી છે.

આથી વિશેષ બીજી કઇ સાબિતી જોઇએ?! માનવ શરીરનાં વિવિધ અંગોનાં કાર્યો, ગર્ભ ધારણ, બાળકજન્મ જેવી દેહ ધાર્મિક પ્રક્રિયાઓને જોઇને પ્રશ્ન થાય છે કે શું આ બધાં અંગોની અદ્ભુત રચના અને તેની કમાલની કાર્યશૈલી કોઇના પૂર્વ આયોજન વિના કે સહેતુક પ્રયાસ વિના આપમેળે થયા કરતી હશે કે પછી કોઇ દૈવી-ચૈતસિક શકિત આ માટે કાર્ય કરતી હશે?! દૈવી-ચૈતસિક ઊર્જાના ગણતરીપૂર્વકના આ નેટવર્કમાં માનવજાત, ટેકનોલોજીના વિકાસના નામે ચંચુપાત કરે છે ત્યારે મહામારી આપણને ઘેરી વળે છે! અને છઠ્ઠીની યાદ અપાવે છે! આપણે જાણતાં-અજાણતાં હાથે કરીને આપણા પગ પર કુહાડો મારીએ છીએ અને પછી પરમાત્માના અસ્તિત્વ વિશે પ્રશ્નો ઉઠાવીએ છીએ. ટૂંકમાં પરમાત્મા છે એમ સાબિત કરવા કરતાં પરમાત્મા નથી એમ સાબિત કરવું ઘણું મુશ્કેલ અને અઘરું છે એવું નથી લાગતું?